**સ્વાસ્થ્ય માટે પૌષ્ટિક આહાર**

**વિટામિન્સ, મિનરલ્સ, પ્રોટીન, કેલ્શિયમ અને આયર્નથી ભરપૂર**

**અમૂલ ઓર્ગેનિક ફૂડ**





પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧


Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો

# ધબકાર

અંક : ૧૬| એપ્રિલ-૨૦૨૪ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia


**બનાસ ડેરી દ્વારા બનાસકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં યોજાયો દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ.**

**પ્રાકૃતિક ખેતીની દિશામાં વધુ એક પહેલ : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં સણાદર ખાતે કૃષિ સંવાદ કાર્યક્રમ.**

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ માઁ અંબાના ચરણોમાં શીશ નમાવી પશુપાલકો માટે પ્રાર્થના કરી.**



# દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ

## બનાસ ડેરી દ્વારા બનાસકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં યોજવામાં આવ્યો

**01** — બનાસની માતા બહેનોના પુરુષાર્થને પરિણામે, બનાસ ડેરી નો ડંકો આજે દુનિયામાં વાગી રહ્યો છે.

**02** — મહિલા પશુપાલકોના આશીર્વાદ થકી બનાસ ડેરી બની દેશની જીવાદોરી

**03** — પશુપાલન વ્યવસાયમાં મહિલાઓના ઉત્સાહ, સમર્પણ અને જુસ્સાને કારણે બનાસ ડેરીએ વૈશ્વિક ખ્યાતિ મેળવી છે.

**04** — પશુપાલકોને દૂધના ભાવ અને ભાવ વધારો ચૂકવવામાં અગ્રેસર રહેવાની પરંપરા બનાસ ડેરી જાળવી રાખશે.



બનાસ ડેરી દ્વારા એપ્રિલ ૨૦૨૪ દરમિયાન ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં દૂધ શીતકેન્દ્ર (દાંતા), બનાસ મેડિકલ કોલેજ, મોરિયા (દાંતીવાડા), બનાસ સંકુલ (સણાદર), લોરવાડા (ડીસા), પાલનપુર (બનાસ ડેરી), વડગામ (બનાસ ડેરી), સામરવાડા (ધાનેરા), લુણાલ (થરાદ) તાલુકાની મહિલા પશુપાલકો માટે "દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચેરમેનશ્રી એ બનાસ ડેરી દ્વારા મહિલા પશુપાલકોના ઉત્થાન, સમૃદ્ધતા અને સુખાકારી માટે થતાં કલ્યાણકારી કાર્યોની માહિતી સંદર્ભે સંવાદ કર્યો હતો તેમજ દૂધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર રહેનાર મહિલા પશુપાલકોને સન્માનિત કરવામાં આવી હતી..

મહિલા પશુપાલક બનાસ ડેરીની શક્તિ છે, સન્માન છે, હર્ષ છે, ઉત્કર્ષ છે અને જિલ્લા સહિત દેશનું ગૌરવ છે.બનાસ ડેરીએ મહિલા પશુપાલકોને લાભાર્થી બનાવીને નાણાકીય સશક્તિકરણને પ્રોત્સાહન આપ્યું છે. બનાસડેરી સાથે જોડાયેલ સશક્ત, સક્ષમ અને સ્વાવલંબી નારી શક્તિને સલામ!

બનાસકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજીને બનાસ ડેરી દ્વારા મહિલા પશુપાલકોને વિવિધ વિષયો પર સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી અને પશુપાલન વ્યવસાય અંગે વધુ જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બનાસ ડેરીએ વર્ષ દરમિયાન દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં કરેલ કામગીરી, દૂધ સિવાયના અન્ય સાહસોની ઊંડાણપૂર્વક માહિતી, ભવિષ્યના પ્લાનીંગ વગેરે જેવી બાબતોથી પશુપાલકોને અવગત કરવામાં આવ્યા હતા. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ દુધના ભાવ, ભાવવધારો, વિવિધ સહાય તેમજ સંઘમાં કરાતા પારદર્શક વ્યવહાર સંદર્ભે વિસ્તારથી મહિલા પશુપાલકો સાથે સંવાદ કર્યો હતો.

આ કાર્યક્રમમાં મહિલા પશુપાલકોએ બનાસ ડેરી દ્વારા કરવામાં આવતી સરાહનીય કામગીરી, સક્ષમ અને સચોટ નેતૃત્વ, પારદર્શક વ્યવહાર-વહીવટ, પ્રગતિ તેમજ દૂધ સિવાયના અન્ય સાહસો માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વનો આભાર માન્યો હતો. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં દૂધના શ્રેષ્ઠ ભાવ, દૂધ સિવાયના અન્ય સાહસો થકી વધુ આવક મળવા તેમજ પશુપાલક-ખેડૂતોના હિતમાં નિર્ણયોની ખુશી સ્પષ્ટ જોવા મળી હતી. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ પ્રસંગે મહિલા પશુપાલકો સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે સ્વ. શ્રી ગલબા કાકાએ રોપેલા બીજમાંથી બનાસ ડેરી આજે વટવૃક્ષ બની લાખો પશુપાલકોને સમૃદ્ધિનો છાંયડો આપી રહી છે. આજે બનાસ ડેરી લાખો મહિલા પશુપાલકો માટે પિયર સમાન છે, કારણ કે બનાસ ડેરી સાથે પશુપલાકોનું એ પ્રકારનું જોડાણ અને સબંધ છે, જેના થકી તેમને ડેરીમાં ઘરનું વાતાવરણ મળે છે. આ વટવૃક્ષને સાચવવાની જવાબદારી બનાસ પરિવારની છે, કારણ કે ગુજરાત સહીત અન્ય રાજ્યોના દરેક પશુપાલક પરિવારના ઉત્થાન અને સુખાકારી તેમજ પશુપાલકોના સર્વાંગી વિકાસ સહિત પશુપાલન વ્યવસાયનો વ્યાપ વધારવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં બનાસ ડેરી કટીબદ્ધ છે. બનાસ ડેરીએ ગ્રામીણ અર્થતંત્રને મજબુત બનાવ્યું છે, ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીનું સર્જન કર્યું છે, મહિલા સશક્તિકરણને વેગ આપ્યો છે અને ખેડૂતો-પશુપાલકને આત્મનિર્ભર બનાવ્યા છે, ગ્રામીણ વિસ્તારોને સશક્ત બનાવ્યા છે, સમગ્ર દેશમાં પશુપાલક પરિવારોને આર્થિક રીતે મજબૂત બનાવ્યા છે. આજે બનાસ ડેરી સાથે જોડાઈને મહિલા પશુપાલકોને પ્રેરણા પ્રાપ્ત થઈ છે, મોટા સપનાઓ સાકાર થયા છે અને સિદ્ધિઓ હાંસિલ થઈ છે.'મહિલા સશક્તિકરણ' એ બનાસ ડેરીનું સૂત્ર જ નથી પરંતુ એક સંકલ્પ છે, જે જનભાગીદારીથી સાકાર થઇ રહ્યો છે.મજબૂત અને આત્મનિર્ભર બનાસ ડેરીનું નિર્માણ મહિલા શક્તિના સમર્થન અને તાકાત વિના શક્ય નથી, તેઓ વિકસિત અને સમૃદ્ધ બનાસકાંઠાનો મુખ્ય આધારસ્તંભ છે.બનાસ ડેરીની મહિલા પશુપાલકોએ સાબિત કરી દીધું છે કે કોઈપણ પરિસ્થિતિ હોય, તેઓ પરિશ્રમ કરીને પ્રગતિ કરવામાં કોઈથી ઓછા નથી.











# બનાસ ડેરીની મહિલા પશુપાલકોએ ચેરમેન શ્રી શંકરભાઈ ઉપર વરસાવ્યા અપાર આશીર્વાદ

**મહિલા પશુપાલકોના કલ્યાણ અર્થે બનાસ ડેરી દ્વારા કરાતા વિકાસલક્ષી કાર્યોનું પરિણામ છે આ સ્નેહ, પ્રેમ અને વિશ્વાસનાં દ્રશ્યો.**









# દૂધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર રહેવા બદલ ચેરમેન શ્રી શંકરભાઈના શુભહસ્તે સન્માનિત થનાર મહિલા પશુપાલકો

















# બનાસ ડેરી સંકુલ, સણાદર ખાતે યોજાયો પ્રાકૃતિક કૃષિ સંવાદ કાર્યક્રમ



**પ્રાકૃતિક ખેતીને વધુ વેગ મળે અને ખેડૂતો મહત્તમ પ્રાકૃતિક ખેતી કરે તે માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા યોજાયો પ્રાકૃતિક કૃષિ સંવાદ કાર્યક્રમ.**

**રાસાયણિક ખાતરોનો વપરાશ છોડી તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું આહ્વાન**

**પ્રાકૃતિક ખેતી આત્મનિર્ભર ગામડાઓનો આધાર છે.**

**પ્રાકૃતિક કૃષિમાં ગાયના છાણ, ગૌ-મુત્રથી બનતા બીજામૃતથી બીજને સંસ્કારિત કરવામાં આવે છે. જેથી સ્વસ્થ બીજ દ્વારા ઝડપી અંકુરણ થાય છે.**

**સ્વાસ્થ્યપ્રદ કૃષિ ઉત્પાદનોના ભાવ પ્રમાણમાં વધુ મળવાથી સરવાળે ખેડુતોને ફાયદો**

**રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગામે ગામ પહોંચીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી થકી માનવજીવનને સુરક્ષિત કરવાના અભિયાન સાથે જીવન પરિવર્તનનું મોટું કાર્ય કર્યું છે  અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી**

બનાસ ડેરી સંકુલ, સણાદર ખાતે મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાંઅને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રાજ્યપાલશ્રી અને ચેરમેનશ્રી એ રાસાયણિક કૃષિ છોડીને પ્રાકૃતિક કૃષિ અપનાવવા અને આત્મનિર્ભર કૃષિની દિશામાં આગળ વધવા માટે જિલ્લાના ખેડૂતોને અનુરોધ કર્યો, કારણ કે પ્રાકૃતિક કૃષિથી ગામડાઓ સમૃદ્ધ અને આત્મનિર્ભર બની શકે છે.આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ખેડૂતોને જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા વધારવા માટે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી પર ભાર મૂકીને રાસાયણિક ખેતીમાંથી કુદરતી ખેતી તરફ વળવા અનુરોધ કર્યો તેમજ જીવામૃત અને ઘનજીવામૃતની તૈયારી અને ઉપયોગ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. પ્રાકૃતિક કૃષિ કરવાથી જળ, જમીન, પર્યાવરણ અને સ્વાસ્થ્યનું રક્ષણ થાય છે, ખેતીનો ખર્ચ ઘટે છે અને ઉત્પાદન વધતાં સરવાળે ખેડુતોને ફાયદો થાય છે.

બનાસકાંઠા જિલ્લાના દિયોદરના સણાદર ખાતે આવેલી બનાસ ડેરીમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ સંવાદ યોજાયો હતો. રાજ્યપાલશ્રીએ ડેરી ખાતે આઈસ્ક્રીમ પ્લાન્ટ તથા પોટેટો પ્લાન્ટની મુલાકાત લઈ ડેરી વિશે જાણકારી મેળવી હતી. ભારતીય નવું વર્ષ - ચૈત્ર માસના પ્રારંભે શુભકામનાઓ આપી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ બનાસ ડેરીમાં મોટી સંખ્યામાં આવેલા પશુપાલકો અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે વિગતવાર માહિતી આપી પ્રાકૃતિક કૃષિ તરફ વળવા અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે આજે બનાસકાંઠા જિલ્લાના અનેક ખેડૂતો એકતા, સંગઠન અને સહકારિતાના ભાવ સાથે ખૂબ પ્રગતિ કરી રહ્યા છે અને ખૂબ આવક મેળવી રહ્યા છે, તે બનાસ ડેરીના માધ્યમથી ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં થયું છે. આજે જ્યારે દુનિયાની સૌથી મોટી સમસ્યા ગ્લોબલ વૉર્મિંગ છે, જેનાથી માનવજીવનને ખૂબ મોટું નુકશાન થઈ રહ્યું છે, ત્યારે પ્રાકૃતિક ખેતીથી તેને નિવારી શકાય છે. ન્યુયોર્કની એક આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સીના ભારતના આંધ્રપ્રદેશના સંશોધનાત્મક અહેવાલ વિશે જણાવતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારે વરસાદથી ખેતરોમાં ખૂબ મોટા પ્રમાણમાં પાણી ભરાઈ રહે છે. જેના કારણે જમીન અને પાકને ખૂબ મોટું નુકશાન થાય છે. આવા સમયે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ખેતરોમાં ખૂબ જ ઓછું નુકશાન થાય છે, જ્યારે રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને ખૂબ મોટા પ્રમાણમાં નુકશાન થાય છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી અંગેનો ભેદ સ્પષ્ટ કરી પ્રાકૃતિક ખેતીના ફાયદા અને મહત્વ ખૂબ સરળ ભાષામાં સમજાવ્યા હતા. ડીએપી અને યુરિયા જેવા રાસાયણિક ખાતરોના વપરાશથી જમીનની ઉપરનું પડ ખૂબ સખત બની જાય છે, જેથી પાણી જમીનમાં શોષાતું નથી અને ખેતરોમાં ભરાઈ રહે છે. જેને લીધે ખેતર બંજર અને બિન ઉપજાઉ બની જાય છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી કેન્સર સહિતના ગંભીર રોગોનો ખતરો રહે છે. જ્યારે પ્રાકૃતિક ખેતીથી પાણી જમીન પર ભરાઈ રહેવાને બદલે ઝડપથી શોષાઈ જાય છે અને જમીન મુલાયમ અને ફળદ્રુપ બને છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ખેતીલાયક જમીન અને ખેતીને જો બચાવવી હશે તો દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે. એક દેશી ગાયની મદદથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શક છે. પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે, કૃષિ ઉત્પાદન ઘટતું નથી. દેશી ગાયનું જતન અને સંવર્ધન થાય છે. પાણીની બચત થાય છે. કૃષિ ખર્ચ નહિવત્ આવવાથી અને સ્વાસ્થ્યપ્રદ કૃષિ ઉત્પાદનોના ભાવ પ્રમાણમાં વધુ મળવાથી સરવાળે ખેડુતોને ફાયદો થાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અને જીવામૃત બનાવવાની રીત સમજાવી લોકોને રાસાયણિક ખાતરોનો વપરાશ છોડી તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું.

પ્રકૃતિ સાથે છેડછાડ કરવાના પરિણામે આજે માનવજાત ભોગવી રહ્યું છે તેમ જણાવી, જળ વાયુ પરિવર્તનના પડકારો સામે ભારત વર્ષની જમીન, નાગરિકોનું આરોગ્ય, પાણી, પર્યાવરણ અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ જ બચાવી શકશે. ખેતીમાં વધૂ પડતા રાસાયણિક ખાતરોના વપરાશને કારણે જમીનમાં સુક્ષ્મ જીવાણુંઓનું પ્રમાણ ઘટતાં ઓર્ગેનિક કાર્બન ઓછો થયો છે, પ્રાકૃતિક ખેતીથી જમીનમાં સુક્ષ્મ જીવાણુંઓનું પ્રમાણ વધે છે એટલું જ નહી, જમીનના ઓર્ગેનિક કાર્બનમાં પણ ઝડપથી વધારો થાય છે.

રાજ્યપાલજીએ વધુમાં ઉમેર્યું હતું કે પ્રાકૃતિક ખેતીનું આ અભિયાન જન માનસ સુધી પહોંચે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આહ્વાન કર્યું છે, ત્યારે સૌ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે ખૂબ જ જરૂરી છે. તેમણે આ તકે પવિત્ર ધરતી માતાને ઝેર મુક્ત બનાવી ઉપસ્થિતોને પ્રકૃતિ તરફ પાછા વળવા અપીલ પણ કરી હતી.

બનાસ ડેરીના ચેરમેન અને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ ઋષિતુલ્ય જીવન જીવતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, તેમણે



ગામે ગામ પહોંચીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી થકી માનવજીવનને સુરક્ષિત કરવાના અભિયાન સાથે જીવન પરિવર્તનનું મોટું કાર્ય કર્યું છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિથી ખેડૂતોને ખૂબ ફાયદો થશે અને નાગરિકોને ઝેરમુક્ત ખોરાક મળી રહેશે, આપણે સૌ બનાસકાંઠાવાસીઓ ભેગા મળીને આ કાર્યને આગળ લઈ જઈએ. પ્રાકૃતિક કૃષિને વેગ મળે એ હેતુથી પ્રાકૃતિક ખોરાકનું બ્રાન્ડીગ બનાસ ડેરીના માધ્યમથી કરવામાં આવે છે. આજે બનાસ ડેરીના માધ્યમથી એક કરોડ કરતાં વધુ વૃક્ષો વાવીને બનાસની ધરતી પર વૃક્ષોનું વાવેતર અને જતન કરવામાં આવે છે. બનાસ ડેરી ગાયના ગોબરમાંથી CNG તૈયાર કરીને વેચાણ કરે છે તથા જાપાનની કંપની સાથે MOU પણ કર્યા છે, જેનાથી ખેડૂતો દૂધની જેમ ગોબરથી પણ આવક મેળવી રહ્યા છે.

રાસાયણિક ખેતી, જે યુરિયા અને ડીએપી જેવા જંતુનાશકો પર વ્યાપકપણે આધાર રાખે છે, જે ખર્ચાળ અને જમીનને નુકસાન પણ કરે છે. જયારે પ્રાકૃતિક ખેતીમાં માત્ર ગાયના ગોબર અને ગૌમૂત્ર દ્વારા ઓછા ખર્ચે વધુ કૃષિ પાક લઈ શકાય છે. પ્રાકૃતિક ખેતીથી કૃષિ પેદાશમાં ઘટાડો નહીં પરંતુ ઉત્તરોત્તર વધારો થાય છે. રાસાયણિક ખેતીએ જમીનની ઉત્પાદકતામાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, જેના લીધે ઓર્ગેનિક કાર્બનનું સ્તર ૦.૫ નીચે આવી ગયું છે. જોકે, તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કુદરતી ખેતી પદ્ધતિઓ અપનાવવાથી જમીનની કાર્યક્ષમતા પાછી મેળવી શકાય છે અને ઓર્ગેનિક કાર્બનનું સ્તર વધારી શકાય છે. ખેડૂતો પ્રાકૃતિક કૃષિના પ્રમાણિત ઉત્પાદનોની નિકાસ કરે છે, ત્યારે તેમને આ ઉત્પાદનોની સારી કિંમત મળે છે. એટલે પ્રાકૃતિક ખેતીને જનઆંદોલન બનાવીને તે દિશામા આગળ વધવા ખેડૂતોને તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પાસેથી પેદાશોની ખરીદી કરવા સૌ લોકોને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે બનાસ ડેરીના વાઈસ ચેરમેનશ્રી ભાવાજીભાઈ રબારી, એમડી શ્રી સંગ્રામભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામાં ખેડૂતો, પશુપાલક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.






# દૂધ ઉત્પાદનમાં વધારો કરવા ઉપયોગ કરો સાઈલેઝ ચારો





સાઈલેઝ એટલે પશુઓને નીરવામાં આવતો આથેલો ચારો (ઘાસચારાનું અથાણું), જેમાં ૭૦% જેટલો ભેજ હોય છે. જેનો ખેડુત તેમના (ગાય અને ભેસ).પશુઓને ખવડાવવામાં ઉપયોગ કરે છે, સાઈલેઝ બનાવવા માટે મુખ્ય પાક મકાઈ છે. જેમાં ૮૦- ૮૫ દિવસ પછી મકાઈના ડૂંડાનો દાણો દુધિયો ૩૩ ટકા પીળો થાય એટલે લીલી મકાઈ કટિંગ કરી, નાનાં-નાનાં ટુકડાઓમાં ચાફિંગ કરી, આથો લાવવાં દ્રાવણ ઉમેરી, હવાચુસ્ત રીતે ગાંસડીઓમાં પેક કરી ૨૧ થી ૨૫ દિવસ પછી સંપૂર્ણ ( Fermentation) આથો આવે એટલે ગુણવત્તાયુક્ત સાઈલેઝ તૈયાર થાય.

## સાઈલેઝ ના ફાયદાઓ

- જ્યારે લીલા ઘાસની અછત હોય ત્યારે સાઇલેઝ (આથેલો ચારો) લીલા ઘાસની અછત ને પુરી કરવા માટેનો સસ્તો અને પોષક ચારો છે.
- ઉભા પાકની કાપણી એકી સાથે થતી હોવાથી બીજી ઋતુમાં કોઈપણ પ્રકારના નુકશાન વગર જમીન ઝડપથી ઉપયોગમાં લઈ શકાય છે.
- પશુઓને પોષક તત્વો યુક્ત ખોરાક આખા વર્ષ દરમિયાન મળી રહે છે. લીલો ઘાસચારો કાપવા માટે દરરોજ મજુરોની જરૂર પડે છે, જયારે સાઈલેઝ માટે મકાઈ પાકની કાપણી માટે દરરોજ મજુરોની જરૂર પડતી નથી.
- એક સરખી ગુણવત્તાનુ લીલુ ઘાસ પશુઓને દરેક મોસમમાં ઉપલબ્ધ થાય છે.
- સાઈલેઝનો સંગ્રહ ઓછી જગ્યામાં સહેલાઈથી થઇ શકે છે.
- દૂધ ઉત્પાદનમાં ૫% થી ૧૦% નો વધારો થાય છે અને પશુની તંદુરસ્તીમાં સુધારો થવાથી વંધ્યત્વના પ્રશ્નો નહીવત રહે છે.

# બનાસ ગોબરગેસ પ્લાન્ટનાં ઓર્ગેનિક ઉત્પાદનો

## બનાસ ગોબરધન બ્રાઉન અમૃત

- ડાઈજેસ્ટરમાંથી પ્રવાહી રૂપે નીકળતી સ્લરી બનાસ ગોબરધન બ્રાઉન અમૃત કહેવામાં આવે છે.
- અમૃત ખેતરમાં સીધુ જ વાપરી શકાય છે જે છાણીયા ખાતરના હેતુને પૂર્ણ કરે છે.
- અમૃત પ્રવાહી ખાતર ઉભા પાકમાં બે થી ત્રણ વખત ફુવારા / ટપક / પાણી સાથે એકરે ૫૦૦ લીટરના જથ્થામાં આપવામાં આવે તો ખુબ જ સારા પરિણામ મળે છે.
- જમીનના ભૌતિક, રાસાયણિક અને જૈવિક બંધારણમાં સુધારો કરે છે.
- હવામાંથી નાઈટ્રોજન સ્થિર કરી છોડને આપે છે તથા જમીનમાં રહેલ અલભ્ય ફોસ્ફરસને દ્રાવ્ય કરી છોડને લભ્ય બનાવે છે.
- છોડની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે.
- ખેતરમાં પાણીની જરૂરીયાતમાં ઘટાડો કરે છે.

## બનાસ ગોબરધન પ્રોમ

- બનાસ ગોબરધન પ્રોમ એ મુખ્ય ૩ પોષકતત્વો ધરાવે છે. ૧. ફોસ્ફરસ ૨. સેન્દ્રિય તત્વો ૩. નાઈટ્રોજન
- ફોસ્ફેસ્ટ યુક્ત રાસાયણિક ખાતરોના વિકલ્પ તરીકે કામ કરે છે અને જમીનને લાંબા સમય સુધી જરૂરી પોષકતત્વોથી સમૃદ્ધ બનાવે છે.
- ખેતરમાં બીજી સીઝનમાં વાવણી કરવામાં આવતા પાકને પણ પ્રથમ સીઝન જેટલી જ કાર્યક્ષમતાથી ફોસ્ફરસ પૂરો પાડે છે.
- પ્રોમ ખાતરમાં સેન્દ્રિય તત્વો પૂરતા પ્રમાણમાં હોવાથી ફોસ્ફરસ તત્વનું જમીનમાં ધોવાણ કે ફીક્ષિંગ થતું નથી.
- પ્રોમ ખાતરમાં સેન્દ્રિય તત્વો પૂરતા પ્રમાણમાં હોવાથી પ્રાથમિક પોષકતત્વો અને કોબાલ્ટ, કોપર, ઝિંક જેવા સૂક્ષ્મ પોષકતત્વો પણ છોડને મળે છે.
- જ્યાં ફોસ્ફેટ યુક્ત રાસાયણિક ખાતરો સંપૂર્ણપણે નિષ્ફળ ગયા હોય તેવી ક્ષારીય જમીનમાં પણ પ્રોમ ખાતર અત્યંત લાભદાયી છે.
- બનાસ ગોબરધન પ્રોમ એ જમીનમાં સૂક્ષ્મ જીવોની વૃદ્ધિમાં વધારો કરે છે. તે ઉપરાંત તેમાં રહેલ બેક્ટેરિયાના કારણે જમીનમાં રહેલ અલભ્ય ફોસ્ફરસને લભ્ય સ્વરૂપમાં પરિવર્તિત કરે છે.

## બનાસ સેન્દ્રીય ખાતર

- સેન્દ્રિય ખાતરમાં રહેલ કાર્બનિક દ્રવ્ય જમીનની સંરચનામાં સુધારો કરવા માટે મહત્વનો ફાળો આપે છે, પરિણામે જમીનમાં પાણીની સંગ્રહશક્તિમાં વધારો કરે છે.
- જમીનનું ધોવાણ થતું અટકાવી જરૂરી પોષકતત્વોની જાળવણીમાં વધારો કરે છે.
- છોડની અસરકારક વૃદ્ધિ માટે શ્રેષ્ઠ પોષકતત્વો પ્રદાન કરે છે.
- છોડના વૃધ્ધિ અને વિકાસમાં મદદરૂપ બને છે.
- છોડને રાસાયણિક ખાતરો કરતાં વધુ સરળતાથી પોષકતત્વો પૂરા પાડે છે.
- જમીનમાં માઈક્રોબાયલ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે. જેથી જમીનમાં અનિચ્છનીય બેક્ટિરિયા ઘટાડે છે.
- છોડને રોગપ્રતિકારક શક્તિ પ્રદાન કરે છે.
- છોડમાં હાઈટમાં વધારો કરી ફળ, ફુલમાં વધારો કરે છે.

## કૃષિ સંજીવનીના ફાયદા

- છોડને જરૂરી તમામ પોષક તત્વો પુરા પાડે છે.
- છોડના વૃધ્ધિ અને વિકાસમાં મદદરૂપ બને છે.
- પાકમાં પૂર્તિ ખાતરના પ્રમાણમાં ઘટાડો કરે છે.
- પાકમાં ક્લોરોફિલનું પ્રમાણ વધારી પાક લીલોછમ રાખે છે.
- પાકનીઊંચાઈ અને દાણાની સંખ્યા વધારવામાં મદદ કરે છે.
- પાકના ઉત્પાદનમાં વધારો કરે છે.
- પાકની રોગ-પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે.
- માઈકો બાયોલોજીકલ પ્રવૃતિમાં વધારો કરે છે.
- પાકની પાણીની જરૂરિયાતમાં ઘટાડો કરે છે.

## કૃષિ સંજીવની વપરાશની રીત પ્રમાણ

- ૨૫ લિટર બનાસ કૃષિ સંજીવની ૨૦૦ લીટર પાણીમાં મીક્ષ કરીને ફુવારા, ટપક, ડ્રેન્ચીંગ કે પિયત દ્વારા પ્રતિ એકર મુજબ (પાકને સીઝનમાં ત્રણ થી ચાર વાર આપવું.)
- પંપમાં છંટકાવ ૫૦ મિલી પ્રતિ ૧ લિટર પાણીમાં

## વાપરવાની રીત

- સારા પરિણામ માટે સંગ્રહ તેમજ વપરાશ કરતી વખતે છાંયડાવાળી જગ્યામાં રાખવી.
- વપરાશ કરતાં પહેલાં બોટલને પુરેપુરી હલાવવી.



## ડી.એ.પી./એસ.એસ.પી./એન.પી.કે. ખાતરની જગ્યાએ







**કેમિકલ ખાતરોથી છૂટકારો મેળવવા માટે**

**બનાસ ગોબરધન પ્રોમ**

**બનાસ ગોબરધન સેન્દ્રીય ખાતર**





## બનાસ વૃદ્ધિ અને વિકાસ માટે ઉપરથી છંટકાવ માટે





**બનાસ કૃષિ સંજીવની**
(૨૦ દિવસ પછી ૨૫ લિટર પ્રતિ એકર)

**બનાસ કૃષિ સંજીવની**
(૫૦ થી ૬૫ દિવસ પછી ૨૫ લિટર પ્રતિ એકર)

**બનાસ કૃષિ સંજીવની**
(૮૦ દિવસ બાદ ૨૫ લીટર પ્રતિ એકર)
ફુવારા, ડ્રીમ, ડ્રેચિંગ કે પિયતમાં








## બનાસ સંકુલ સણાદર ખાતે કાર્યરત આધુનિક ટેક્નોલોજી સાથે સજ્જ આજનો મોડર્ન ચોકલેટ પ્લાન્ટ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના શુભહસ્તે માત્ર દોઢ વર્ષની અંદર બનાસ સંકુલ, સણાદરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં અલગ અલગ પ્રકારના પ્લાન્ટ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમાં એક ચોકલેટ પ્લાન્ટ પણ છે, જે બનાસકાંઠાના પશુપાલકોએ ભરાવેલા દૂધની મીઠાશને ચોકલેટના માધ્યમથી વિશ્વભરમાં પ્રસરાવે છે. બનાસ સંકુલ, સણાદર ખાતે આવેલ અમૂલ બિંદાઝ ચોકલેટ પ્લાન્ટની કુલ ક્ષમતા પ્રતિદિન ૬ મે.ટન છે. ઉત્પાદન ૨૦૨૨ ના ઓગસ્ટ મહિનામાં શરૂ થયું હતું. અમૂલ બિંદાઝ ચોકલેટ (૧૨ ગ્રામ x૭૫ ટુકડાઓ x૬ જાર) અહીં વેફર શીટને ઇચ્છિત પરિમાણોમાં કાપીને અને તેને સંયોજન ચોકલેટ સાથે લેયર કરીને બનાવવામાં આવે છે. અમૂલ મિલ્ક કમ્પાઉન્ડ ચોકલેટ બટનો મોગર ચોકલેટ પ્લાન્ટમાંથી પૂરા પાડવામાં આવે છે. ક્રીમ વેફર શીટ્સ કિસબીસ વેફર્સ અને યશીલ ફૂડ્સ દ્વારા સપ્લાય કરવામાં આવે છે.






## પશુપાલકો માટે બનાસ બાયો સી.એન.જી. બન્યો આશીર્વાદ રૂપ

બનાસ ડેરી ખેડૂતો, પશુપાલકો અને ગામડાઓના વિકાસ માટે હંમેશા પ્રતિબદ્ધ રહી છે. બનાસ બાયોગેસ સી.એન.જી પ્લાન્ટમાં ગોબરમાંથી ગેસ ઉત્પન્ન કરવામાં આવે છે અને તેને શુદ્ધ કરીને CNGમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ આવતાની સાથે પશુપાલકોને આર્થિક આવકની સાથે ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતાનું નવું વાતાવરણ સર્જાયું છે તેમજ બનાસકાંઠા જિલ્લાએ ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ પગલાં લેવાની સાથે સ્વચ્છ ઉર્જા ઉત્પાદન તરફ પણ સફળ શરૂઆત કરી છે.વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ સ્વચ્છ ભારત, વેસ્ટ રિસાયક્લિંગ, પર્યાવરણની સુરક્ષા અને દેશના કાર્બન ફૂટ પ્રિન્ટને ઘટાડવા માટે ગોબરધન યોજના શરૂ કરવામાં આવી હતી, જે આજે બનાસ ડેરી થકી ખેડૂતોની આવક અને ગ્રીન એનર્જી વધારવાનો પર્યાય બની ગઈ છે. અમૂલ ક્લીન ફ્યુઅલ બાયો CNG કાર રેલી એક અનોખો પ્રયાસ છે, ગોબરને બાયોગેસમાં રૂપાંતર કરવાની નવી ક્રાંતિ મારફતે ડેરી પ્રવૃત્તિને વધુ પર્યાવરણલક્ષી અને ટકાઉ બનાવવાનો તથા ડેરી ક્ષેત્ર સાથે જોડાયેલા પશુપાલકો તેમજ ખેડૂતો માટે આવકનો નવો સ્રોત ઉભો કરવાનો એક પ્રયાસ છે.

બનાસ ડેરી, અમૂલ અને દેશમાં સૌથી વધુ પ્રચલિત કાર બ્રાન્ડ મારૂતિ સુઝુકી સાથે મળીને સસ્ટેનેબલ ફાર્મીંગ તેમજ ડેરી ક્રાંતિનો સંદેશ સમગ્ર દુનિયામાં પ્રસરાવી રહી છે, પરંતુ વર્તમાન સમયમાં બનાસ ડેરી એકમાત્ર સહકારી સંસ્થા છે, જે પશુનાં ગોબરમાંથી બાયો CNGનું ઉત્પાદન કરી ટકાઉ ઉર્જા ક્ષેત્રમાં આગળ છે. દેશ અને દુનિયાના પ્રતિનિધિઓ બનાસ ડેરીના બાયો CNG પ્લાન્ટનાં અભ્યાસ અર્થે મુલાકાત કરીને પ્રેરણા મેળવી રહ્યાં છે.

અત્યાર સુધીમાં આ પાયલોટ બાયો-CNG પ્લાન્ટમાં ૩.૪૬ કરોડ કિલો ગોબરની ખરીદી કરવામાં આવી છે અને ખેડૂતોને ૩.૪૬ કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવી છે. આ બાયો CNG પ્લાન્ટમાં દરરોજ અંદાજીત ૧૦૦ મોટર વાહનોને બળતણ સપ્લાય કરીને અત્યાર સુધીમાં બાયો ગેસમાંથી રૂ. ૨.૮૩ કરોડ રૂપિયાની આવક થઈ છે. આ ઉપરાંત ઓર્ગેનિક ખાતરના વેચાણમાંથી રૂ. ૭.૫૪ કરોડની આવક થઈ છે.

## બનાસ બાયો CNG થી થતાં ફાયદાઓ

- ➔ બનાસ બાયો CNG બનાવવા માટે પશુપાલકો પાસેથી ખરીદાતા ગોબરનાં લીધે પશુપાલકોની આવક વધી છે.
- ➔ બાયો CNG બનાવવાની પ્રક્રિયામાં તૈયાર થતી લીક્વીડ ફોર્મનું ખાતર તેમજ ગોબરધન ખાતર થકી જમીનની ફળદ્રુપતા પણ વધી છે.
- ➔ જિલ્લામાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ પણ ઓછો થયો.
- ➔ કુદરતી કૃષિ ઉત્પાદનને પણ પ્રોત્સાહન મળ્યું.
- ➔ ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહી છે.
- ➔ આ પ્લાન્ટથી ખેડૂતોને કુદરતી તત્વોવાળું ઓર્ગેનિક ખાતર મળી રહે છે, જે ખુબ જ ફાયદો આપે છે.
- ➔ આ ઓર્ગેનિક ખાતર સીધું જ ખેડૂતોને વેચવામાં આવે છે.
- ➔ પશુપલાઓ ખેતી સાથે ગોબર વેચીને પૈસા કમાતા થયા છે.પ્રતિ કિલો રૂ.૧ અપાય છે.
- ➔ ખેડૂતો પાસેથી ખરાબ થઈ ગયેલા બટાકા ખરીદવામાં આવે છે, જે સામાન્યરીતે ફેંકી દેવામાં આવતા હોય છે.
- ➔ ગોબરના પૈસા મળતા લોકો ઢોરને છુટા મુકતા નથી અને ઢોરઢાંખરથી થતી મુશ્કેલીઓ દુર થઈ છે.

બાયો CNG એ ભારતનો અત્યંત ટકાઉ મોબિલીટી ફ્યુઅલ વિકલ્પ છે. તે ગ્લોબલ વોર્મીંગ ઘટાડવામાં અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં નોંધપાત્ર અસરકારકતા દાખવી શકે તેમ છે. અમૂલ ક્લીન ફ્યુઅલ બાયોસીએનજી કાર રેલીનો ઉદેશ ભારતના ડેરી ક્ષેત્રનુ પર્યાવરણલક્ષી પાસુ દર્શાવવાની સાથે સાથે વિશ્વના દૂધ ઉત્પાદનમાં સૌથી વધુ ટકાવારી સાથે યોગદાન આપવાનો છે ત્યારે તાજેતરમાં જ બનાસ ડેરીએ આત્મનિર્ભર ભારતની યાત્રામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હાથ વધુ મજબુત કરવા, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ દોરવા અને બનાસકાંઠા જિલ્લાને પુન:પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે સ્વાવલંબી બનાવવા માટે 'ગોબરધન' પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લામાં ગોબરમાંથી બાયો CNG અને પ્રાકૃતિક ખાતર ઉત્પાદન કરતાં પ્લાન્ટ્સનું નિર્માણ કરવા માટે સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાન અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ સાથે ટોક્યો, જાપાન ખાતે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરી પ્રગતિના પંથે એક મહત્વનું પગલું ભર્યું છે. ઉર્જા ક્ષેત્રમાં બનાસકાંઠાનાં ઉજ્જ્વળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને આવનાર ભવિષ્યમાં બનાસ ડેરી ભુખાલા (વડગામ), વીંછીવાડી (ધાનેરા), આગથળા (લાખણી), ખીમાણા (કાંકરેજ) ખાતે બનાસ બાયો CNG સ્ટેશન સ્થાપિત કરશે.

## ક્લીન ફ્યુઅલ બાયો.સી.એન.જી માં બનાસ ડેરીની કામગીરી

ઉલ્લેખનીય છે કે દેશમાં સૌપ્રથમ ગોબરમાંથી બાયો CNG ગેસ બનાવવાનો શ્રેય બનાસ ડેરીને જાય છે. ખેડૂતોની આવક વધારવા માટે બનાસ ડેરીએ ખેડૂતો પાસેથી ગોબર ખરીદી ગોબરમાંથી બાયો CNG બનાવવાની શરૂઆત કરી. બનાસ ડેરીએ શરુ કરેલા બાયો CNG પ્લાન્ટનો લાભ સમગ્ર ગુજરાત રાજ્યમાં થાય તેવા ઉમદા હેતુથી અમુલ બનાસ અને NDDB ના સંયુક્ત ઉપક્રમે બાયો CNG ગેસ સ્ટેશનની સંખ્યા વધારવા તકનીકી તેમજ આર્થિક મદદ માટે જાપાન ની સુઝુકી કંપની સાથે MOU કરવામાં આવ્યા છે.

સુઝુકી મોટર કોર્પોરેશન, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) સાથે મળીને બનાસ ડેરી પશુ છાણ આધારિત બાયો CNG પ્લાન્ટ સ્થાપવા જઇ રહી છે. જેમાં સુઝુકી મોટર કોર્પોરેશન તકનીકી તથા આર્થિક સહાય સાથે મદદરૂપ થશે.






જાપાનમાં ભારતના રાજદૂત શ્રી સિબી જ્યોર્જની હાજરીમાં આજે જાપાનના ટોક્યો ખાતેના ભારતીય દૂતાવાસમાં શ્રી ટી સુઝુકી (પ્રમુખ, સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાન), શ્રી શંકરભાઈ ચૌધરી (અધ્યક્ષશ્રી ગુજરાત વિધાન સભા તથા ચેરમેન - બનાસ ડેરી), શ્રી મીનેશ શાહ(ચેરમેન - એનડીડીબી), શ્રી જયેન મહેતા (મેનેજિંગ ડિરેક્ટર - જી. સી. એમ. એમ. એફ - અમુલ) અને શ્રી સંગ્રામ ચૌધરી (મેનેજિંગ ડિરેક્ટર - બનાસ ડેરી) દ્વારા આ અંગેના એગ્રીમેન્ટ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આગાઉ બનાસ ડેરીએ ડિસેમ્બર 2022 માં સુઝુકી અને NDDB સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરીને આ અંગેની વાટાઘાટો શરૂ કરી હતી. આ પ્રોજેક્ટનો ઉદેશ ભારતને સ્વચ્છ બનાવવા અને ખેડૂતોને તેમના પશુપાલન વ્યવસાયની આડપેદાશોમાંથી વધારાની આવક મેળવવામાં મદદરૂપ થવાનો છે. પશુઓના છાણમાંથી મેળવાયેલી બાયો CNG ની આ ક્લીન એનર્જિમાંથી ગ્રીન હાઇડ્રોજન તેમજ લિક્વિડ બાયો-મિથેન (LBM) નું ઉત્પાદન કરી ગ્રીન એનર્જીના સ્ત્રોત તરીકે વધુ ઉપયોગ કરી શકાશે.

બનાસ ડેરી અને સુઝુકી કંપની સાથે કરાયેલા કરારો મુજબ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ૨૦૨૫ સુધીમાં પ્રારંભિક તબક્કામાં 4 બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. તમામ પક્ષોની પરસ્પર સમજૂતી મુજબ આ પ્લાન્ટોની સંખ્યા વધારો પણ કરવામાં આવશે. આ પ્લાન્ટો પ્રદૂષણ ઘટાડવામાં અને પર્યાવરણને જાળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. અંદાજિત ૨૩૦ કરોડના કુલ રોકાણ સાથે ગ્રીન અને ક્લીન એનર્જી ઉત્પન્ન કરશે. CNG વાહનો માટે બળતણનું વિતરણ કરવા માટે દરેક પ્લાન્ટની સાથે બાયોગેસ ફિલિંગ સ્ટેશનો સ્થાપવામાં આવશે. તદઉપરાંત જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે જૈવિક ખાતર (ગોબરધન)નું ઉત્પાદન પણ આ બાયોગેસ પ્લાન્ટો થકી કરવામાં આવશે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું કહેવું છે કે, "આ પ્રોજેક્ટ થકી આત્મનિર્ભર ભારતનાં સ્વપ્નદ્રષ્ટા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત ગોબરધન પ્રોજેક્ટ થકી સ્વચ્છ ઊર્જા અને પ્રાકૃતિક ખેતીનાં ક્ષેત્રે હરણફાળ ભરવા બનાસ ડેરી જઈ રહી છે. નેટ કાર્બન ન્યૂટ્રાલિટી તથા સરક્યુલર ઇકોનોમીને હાંસિલ કરવા માટે એક પારોઢનું પગલું છે. હરિયાળું ભારત અને ખેડૂતોની આવક વધારવાના પ્રયાસોને વેગ મળશે. આ પ્રોજેક્ટ્સ થકી બનાસકાંઠા જિલ્લાને ઓર્ગેનિક જિલ્લો તથા ઉર્જા સ્વનિર્ભર જિલ્લો બનાવવાના તરફનું એક પ્રયાણ છે. ખેડૂતોના હિત માટે અમને આજે આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટમાં હિસ્સેદાર થવાનો આનંદ છે."




# રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને ચેરમેન શ્રી શંકરભાઈની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો બનાસ મેડીકલનો પ્રથમ દીક્ષાંત સમારોહ

**પ્રથમ બૅચના ૧૪૦ વિધાર્થીઓને રાજયપાલના હસ્તે ડિગ્રી - સર્ટિફિકેટ એનાયત કરાયા.**

**જીવનમાં સત્ય બોલવા, ધર્મનું આચરણ કરવા અને સ્વાધ્યાયમાં આળસ ન કરવા વિધાર્થીઓને રાજયપાલશ્રીની અપીલ.**

**કાર્યક્ષેત્રમાં ટીમવર્કથી કામ કરી સમાજમાં ખુશીનું વાવેતર કરજો અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી**



રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીની ગરિમામય ઉપસ્થિતિમાં બનાસ મેડિકલ કોલેજ મોરિયા, પાલનપુરનો પ્રથમ દીક્ષાંત સમારોહ યોજાયો હતો. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજના વર્ષ ૨૦૧૮ની પ્રથમ બૅચના ૧૪૦ વિધાર્થીઓને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે ડિગ્રી સર્ટિફિકેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.બનાસ મેડિકલ કોલેજની ૨૦૧૮ ની પ્રથમ બેચનું પરિણામ ૯૩.૭૫ ટકા આવ્યું છે. આ કોલેજ જિલ્લા સહીત આજુબાજુનારાજ્યો તેમજ અન્ય જિલ્લાઓના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ સુવિધા અને વ્યવસ્થા સાથે તબીબી શિક્ષણ પૂરું પાડે છે તેમજ અંતરિયાળ વિસ્તારના લોકોને આધુનિક રીતે ઉત્તમ આરોગ્ય સારવાર ઉપલબ્ધ કરાવે છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, બનાસ મેડિકલ કોલેજ દેશ દુનિયાની એવી કોલેજ છે જે ખેડૂતો અને પશુપાલકોના પુરુષાર્થથી નિર્માણ પામી છે.અહીં આવવાની અત્યંત ખુશી છે એમ જણાવી રાજ્યપાલશ્રીએ દીક્ષાંત કાર્યક્રમનો અર્થ અને મહત્વ સમજાવતાં વિદ્યાર્થીઓને સમાજ જીવનમાં ઉપયોગી સોનેરી સલાહ આપી હતી. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ભારતની પ્રાચીન ગુરૂકુલ પરંપરામાં પણ ઋષિમુનિઓ પોતાના શિષ્યોને શિક્ષા-દીક્ષા અર્પણ કરી સત્ય બોલવા, ધર્મનું આચરણ કરવા અને અભ્યાસમાં આળસ ન કરવાનો ઉપદેશ આપતા હતા. તેમણે પદવી ધારણ કરતા વિદ્યાર્થીઓને સ્વાધ્યાયમાં- જ્ઞાન ઉપાર્જનમાં ક્યારેય આળસ નહીં કરવા જણાવી વિદ્યાનો પરમાર્થ, સૌના કલ્યાણ માટે ઉપયોગ કરવા જણાવ્યું હતું. વધુમાં તેમણે માતા-પિતા અને ગુરુજનોને દેવતુલ્ય ગણી તેમનું આજીવન સન્માન કરવા જણાવી તમામ વિદ્યાર્થીઓ શુભકામનાઓ પાઠવી હતી.

વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ મેડિકલ કોલેજના દીક્ષાંત સમારોહ પ્રસંગે કોલેજના પાયાના પથ્થરો સમાન વ્યક્તિઓને યાદ કરી તેમનો જાહેર ઋણ સ્વીકાર કરતાં ધન્યતા અનુભવી હતી. આજનો દિવસ આપણા સૌના માટે સદભાગ્યનો દિવસ છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું સાંન્નિધ્ય વિદ્યાર્થીઓ માટે જીવનભરનું સંભારણું બની રહેશે એમ જણાવી તેમના આશીર્વાદ અને આશીર્વચનને જીવનમાં ઉતારવા અપીલ કરી હતી. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, જેમ મધમાખી ફુલોમાંથી રસ કાઢી મધ બનાવે છે એમ પશુપાલકોના પરિશ્રમથી બનાસ મેડિકલ કોલેજ બની છે. આ લાખો પશુપાલકોના આશીર્વાદ સદાય તમારા પર રહેશે એમ જણાવી જ્યાં કામ કરો ત્યાં ટીમવર્કથી કામ કરવા અને ખુશીઓનું વાવેતર કરવા જણાવી અધ્યક્ષશ્રીએ લોકોના જીવનમાં સેવા રૂપી દીપ પ્રજ્વલિત કરવાના અનુરોધ સાથે શુભાશિષ પાઠવ્યા હતા.

આ પ્રસંગે બનાસ મેડિકલ કોલેજના ચેરમેનશ્રી પી.જે ચૌધરી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોર પોરિયા, સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડાના કુલપતિશ્રી આર.એમ ચૌહાણ સહિત ડીરેક્ટર્સ, ફેકલ્ટીઝ, વિદ્યાર્થી ભાઈ બહેનો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પશુપાલક પરિવારોના આર્થિક યોગદાન થકી ચાલતી દેશની એકમાત્ર ખેડૂતોની માલિકીની બનાસ મેડીકલ કોલેજની ૨૦૧૮ની પ્રથમ બૅચનું પરિણામ ૯૩.૭૫ ટકા આવ્યું છે. કોલેજની વિદ્યાર્થીની અક્બાની નગમા રફીકભાઈએ ૯૦૦ ગુણમાંથી ૬૫૭ ગુણ મેળવી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી પરિવાર સહિત બનાસ મેડીકલ કોલેજનું નામ રોશન કર્યું છે, જેના થકી જિલ્લાના શિક્ષણ ક્ષેત્રની યશકલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે.



# બનાસ ડેરીએ પશુપાલકોને ચુકવાતા દુધના ભાવમાં કર્યો વધારો



**બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ કર્યો પશુપાલક હિતલક્ષી નિર્ણય, દુધના ભાવમા કરાયો વધારો**

**દૂધના પ્રતિ કિલો ફેટના ખરીદ ભાવમાં રૂા. ૧૫ નો કર્યો વધારો**

**દૂધ ઉત્પાદકો અર્થિક વિકાસ હાંસલ કરી શકે તે માટે કરાયો દૂધના ભાવમાં વધારો**

બૃહદ બનાસકાંઠા જિલ્લા સહીત રાજસ્થાનના તમામ દૂધ ઉત્પાદકો દુધના વ્યવસાય થકી આર્થિક વિકાસ હાંસલ કરી શકે તે હેતુથી બનાસ ડેરીનાચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને એપ્રિલ મહિનામાં દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂપિયા ૧૫ નો વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો, જેનો લાભ બનાસકાંઠા જિલ્લાના લાખો પશુપાલકોને ૨૧/૦૪/૨૦૨૪ સવારથી મળતો થયો છે. બનાસ ડેરીએ પોતાના પશુપાલકોને દૂધના પ્રતિ કિલો ફેટ ખરીદ ભાવમાં વધારો કરીને એક મોટી ભેટ આપી છે.

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં પશુપાલકોને આર્થિક રીતે સદ્ધર બનાવવા સમયે સમયે દૂધના ભાવમાં વધારો તેમજ પશુપાલકોના હિતમાં નિર્ણયો કરવામાં આવે છે, જેના કારણે બનાસકાંઠામાં પશુપાલનનું પ્રમાણ વધ્યું છે. દૂધ ઉત્પાદકો દુધના વ્યવસાય થકી આર્થિક વિકાસ હાંસલ કરી શકે તે હેતુથી ૨૧ અપ્રિલ સવારથી દૂધ મંડળીઓને તથા પશુપાલકોને ચુકવાતા દુધના ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ.૧૫ નો ભાવ વધારો કરવામાં આવ્યો. દુધમાં પ્રતિ કિલો ફેટે ભાવ વધારો કરીને પશુપાલન વ્યવસાયને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.

પહેલા પશુપાલકોને રૂ.૮૦૫ ચૂકવવામાં આવતા હતા, પરંતુ દુધના ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ.૧૫.૦૦ નો વધારો થતાંભેંસ દૂધના પ્રતિ કિલો ફેટના ભાવ રૂ.૮૨૦ ચૂકવવામાં આવશે. જ્યારથી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીનું નેતૃત્વ સંભાળ્યું છે ત્યારથી બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોના હિતમાં કલ્યાણકારી નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી ભાવ વધારો, ભાવફેર અને સતત દૂધના ભાવમાં વધારો કરીને પશુપાલકોને એમની મહેનતના મીઠા ફળ આપી રહ્યાં છે.





# માઁ અંબાના ચરણોમાં શીશ નમાવી પશુપાલકો માટે પ્રાર્થના કરતાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી



પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબ માઁ અંબાની પૂજા અર્ચના કરી દિવ્ય દર્શન કર્યા તેમજ મંદિર પર ધ્વજા ચડાવી બનાસકાંઠા જિલ્લાના લાખો પશુપાલક પરિવારોના સર્વાંગી વિકાસ અને સુખાકારી માટે પ્રાર્થના કરી.



# બનાસ ડેરીના કર્મચારીઓને અપાઈ સેલ્ફ મેનેજ લીડરશીપની તાલીમ.




આજના ભાગદોડ ભર્યા જીવનમાં દરેક માણસ પોતાની સુખાકારી માટે તમામ પ્રકારની સુખ સુવિધા સાથે જીવન જીવવા માંગે છે, જેના માટે તે સૃષ્ટિની દરેક વસ્તુને પોતાના નિયંત્રણમાં કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ અત્યારસુધી જે સુખ-શાંતિનો અનુભવ થવો જોઈએ તેનાથી મોટાભાગના લોકો વંચિત છે. તો શું નિયંત્રણ કરવાથી આપણે સર્વે અનંત શાંતિ અને સુખનો અનુભવ કરી શકીએ, તેનો જવાબ બ્રહ્માકુમારી દ્વારા તૈયાર કરવામાં આવેલ સેલ્ફ મેનેજ લીડરશીપ કાર્યક્રમમાં છે. સેલ્ફ મેનેજ લીડરશીપકાર્યક્રમ એટલે પોતાની જાતના નિયંત્રણ દ્વારા નેતૃત્વની કળા. બનાસ ડેરીએ પોતાના કર્મચારીઓની પાલનપુર-આબુ હાઈવે પર આવેલ બ્રહ્માકુમારી કેમ્પ ખાતે સેલ્ફ મેનેજ લીડરશીપ કાર્યક્રમમાં સહભાગી થવા મોકલ્યા હતા. જેમાં કર્મચારીઓને સેલ્ફ મેનેજ લીડરશીપ પર તાલીમ આપવામાં આવી હતી,જેમાં માનવનાત્રણ હિસ્સાઓને કેવી રીતે રાજયોગ દ્વારા નિયંત્રણ કરવાઅને તેના ઉપર સહભાગીઓને તાલીમ આપવામાં આવે છે. માનવ વ્યક્તિત્વના ત્રણ હિસાબ જેવા કે મન બુદ્ધિ અને સંસ્કાર. આ ત્રણેય વસ્તુમાં કેવી રીતે સકારાત્મક સુધારા કરવા, તેના વિશે ઊંડાણપૂર્વક આ ત્રણ ચાર દિવસના તાલીમ પ્રોગ્રામમાં શીખવવામાં આવ્યા હતા, જેનો શિડયુલ વહેલી સવારે ચાર વાગ્યાથી શરૂ કરીને રાત્રિના દસ વાગ્યા સુધી અલગ અલગ વક્તાઓના સેશન અને અભ્યાસ દ્વારા કરાવવામાં આવેલ, જેમાં બનાસ ડેરીના અંદાજિત ૧૫૦૦ જેવા કર્મચારીઓએ લાભ લીધેલ છે.

## સેલ્ફ મેનેજ લીડરશીપના લાભો

- સેલ્ફ મેનેજ લીડરશીપ તમને તમારી સ્વ-જાગૃતિ અને સુખાકારીને સુધારવામાં મદદ કરે છે.
- સેલ્ફ મેનેજ લીડરશીપ તમને તમારા વર્તન, વિચારો અને લાગણીઓને ઉત્પાદક રીતે નિયંત્રિત કરવાની મંજુરી આપે છે.
- સેલ્ફ મેનેજ લીડરશીપ તમને વ્યક્તિગત અને વ્યાવસાયિક બંને જવાબદારીઓમાં વધુ સારું પ્રદર્શન કરવા સક્ષમ બનાવે છે.
- સેલ્ફ મેનેજ લીડરશીપ થકી તમે તમારી શક્તિઓને ઓળખી શકો છો.
- સેલ્ફ મેનેજ લીડરશીપ તમે પડકારોનો સામનો કરી શકો છો.
- સેલ્ફ મેનેજ લીડરશીપ થકી સમયમર્યાદાનું સંચાલન કરી શકો છો.
- સેલ્ફ મેનેજ લીડરશીપ થકી તમે તમારા કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરી શકો છો.





# બનાસ ડેરીએ સ્થાપિત કર્યો એશિયાનો સૌપ્રથમ સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટ

- **સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટમાં મોટાભાગના સાધનો અને તકનીક સ્વદેશી છે, જે માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં "મેડઇનઇન્ડિયા" કોન્સેપ્ટને રજુ કરે છે ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી**
- **બનાસ ડેરીમાં પહેલા મેન્યુઅલ પદ્ધતિથી પનીરનું ઉત્પાદન કરાતું હતું, પરંતુ હવે ઓટોમેટિક પદ્ધતિ થી પનીરનું ઉત્પાદન થાય છે.**
- **સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટનાં નિર્માણ માટે બનાસ ડેરીએ વૈશ્વિક તેમજ ભારત દેશના સપ્લાયર સાથે ચર્ચા કરીને પ્લાન્ટનું નિર્માણ કર્યું.**
- **બનાસ પનીર પ્લાન્ટ એ એશિયાનો પ્રથમ સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટ છે.**

બનાસ ડેરીએ પાલનપુર ખાતે પોતાના અન્ય આધુનિક પ્લાન્ટોની જેમ સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) ૨૦ MTPD પનીર ઉત્પાદન પ્લાન્ટ સ્થાપિત કર્યો છે. સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) પનીર પ્લાન્ટમાં, મોટા ભાગના સાધનો ભારતના છે અને બહુ ઓછા સાધનોની આયાત કરવામાં આવી છે તેથી આપણે ગર્વથી કહી શકીએ કે પનીર પ્લાન્ટ "મેક ઈન ઈન્ડિયા" કોન્સેપ્ટ અંતર્ગત બનાવવામાં આવ્યો છે. બનાસ ડેરી માટે, તે માત્ર સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) પનીર ઉત્પાદન લાઇનનો પ્રોજેક્ટ નથી પરંતુ તે મેન્યુઅલ પનીર ઉત્પાદન પ્રક્રિયામાંથી સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) પનીર ઉત્પાદન પ્રક્રિયા તરફ સ્થળાંતર કરવાની યાત્રા છે જે ભારતીય ડેરી ઉદ્યોગની પ્રશંસનીય સિદ્ધિ છે.

પનીર એ ભારતીય કુટીર ચીઝ અને ભારતનું પરંપરાગત ઉત્પાદન છે. ભૂતકાળમાં, પનીરનું ઉત્પાદન મેન્યુઅલ પ્લાન્ટમાં કરવામાં આવતું હતું જેમાં કોગ્યુલેશન, હૂપ ફિલિંગ, પ્રેસિંગ, પનીર બ્લોક્સનું કૂલીંગ, કટિંગ અને પેકિંગમાં ઘણી બધી મેન્યુઅલ કામગીરી હોય છે. મેન્યુઅલ પ્લાન્ટમાં, પનીરની ઈચ્છિત ગુણવત્તા મેળવવી મુશ્કેલ હતી સાથે સાથે પનીરના નિકાસ ધોરણ સાથે મેળ ખાવું મહત્વપૂર્ણ હતું. આથી, બનાસ ડેરીએ પનીર ઉત્પાદનની પ્રક્રિયાને સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) બનાવવા માટે ઘણી બધી મહેનત અને પ્રયાસ કર્યા છે. બનાસ ડેરી પાસે સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત)



પનીર દહીંના ઉત્પાદન, પ્રેસિંગ, કૂલિંગ વગેરેના વિવિધ પ્રક્રિયા પરિમાણો સેટ કરવા માટે વિવિધ પાયલોટ પ્લાન્ટ્સમાં વિવિધ ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. બનાસ ડેરીએ વૈશ્વિક સપ્લાયર તેમજ ભારતીય સપ્લાયર્સ સાથે પનીર ઓટોમેટિક પ્લાન્ટની જરૂરિયાત પ્રમાણે વિવિધ ચર્ચાઓ કરીને સપૂર્ણ કામગીરી પૂર્ણ કરી છે. ઓટોમેટિક (સ્વયંસંચાલિત) પનીર પ્લાન્ટમાં પનીરના ઉત્પાદન માટે વિવિધ સપ્લાયર્સ પાસે વિવિધ તકનીકી હતી, પરંતુ બનાસ ડેરીએ સર્વશ્રેષ્ઠ અને આધુનિક તકનીક અને સંસાધનોની મદદથી ઓટોમેટિક પનીર પ્લાન્ટ બનાવ્યો છે. બનાસ ડેરીએ વિવિધ ટ્રાયલના આધારે તમામ ઉકેલોનું મૂલ્યાંકન કર્યું છે અને ઓટોમેટિક પનીર પ્લાન્ટની અંતિમ ટેકનિકલ જરૂરિયાત પૂરી કરી છે અને તે જ સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) પનીર પ્લાન્ટના આધારે સ્થાપિત કરવામાં આવ્યો છે.

પનીર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાં, બનાસ ડેરીએ પનીર મિલ્ક પ્રી-પ્રોસેસિંગ સાધનો, તમામ સાધનોને જોડવા માટે કન્વેયિંગ સિસ્ટમ પનીર પ્લાન્ટનું હાર્ટ કોગ્યુલેશન મોડ્યુલ, ઓટોમેટિક પનીર પ્રેસિંગ, કૂલિંગ વેટ્સ,, અલ્ટ્રાસોનિક કટીંગ મશીન, થર્મોફોર્મિંગ મશીન, IQF (વ્યક્તિગત રીતે ઝડપી ફ્રીઝિંગ) ઈન્સ્ટોલ કર્યા છે. મલ્ટિહેડ વેઈઝર, વર્ટિકલ ફોર્મ ફિલ સીલ મશીન, તાજા પનીર સ્ટિરિલાઈઝર્સ વગેરે. ઓટોમેટિક પનીર પ્લાન્ટમાં, બનાસ ડેરીએ વન વેટ ટુ વન મોલ્ડ કન્સેપ્ટ અમલમાં મૂક્યો છે, જેનો અર્થ થાય છે કે એક વેટમાં દૂધનો ચોક્કસ જથ્થો લેવામાં આવશે અને જમાવટ પછી, દહીં ટ્રાન્સફર કરવામાં આવશે. એક બીબામાં જે વજન અને પરિમાણના સંદર્ભમાં સમાન બ્લોક રચના તરફ દોરી જાય છે. બનાસ ડેરીએ પનીર પ્લાન્ટમાં સૂક્ષ્મ છિદ્રિત મોલ્ડનો ઉપયોગ કર્યો છે જે પનીરની સારી ગુણવત્તામાં પણ મદદ કરે છે. પનીર બ્લોક્સનું અલ્ટ્રાસોનિક કટીંગ  સારી કટિંગ સપાટી અને  ઉત્પાદનોની સારી ગુણવત્તા મેળવવામાં મદદ કરે છે. પનીર પ્લાન્ટમાં ૧.૨ એમટીપીએચની ક્ષમતા સાથે તાજા અને ફ્રોઝન પનીરનું ઉત્પાદન કરવામાં આવશે. બનાસ ડેરીએ પનીર પ્રોસેસિંગ અને કૂલીંગ એરિયામાં ઈનબિલ્ટ યુવી સિસ્ટમ સાથે FAV સિસ્ટમ ઈન્સ્ટોલ કરી છે જેથી પ્લાન્ટમાં હવાની શ્રેષ્ઠ ગુણવત્તા હોય જે દૂષિત થવાના જોખમને દૂર કરે છે.

ઘણા સમયના સંશોધન, વાર્તાલાપ, ટેક્નોલોજીનો અભ્યાસ અને વિચારો આદાનપ્રદાન કર્યા બાદ બનાસ ડેરીએ પ્રયાસ, પરિશ્રમ અને પુરુષાર્થથી એશિયાની અંદર પ્રથમ ઓટોમેટિક પનીર પ્લાન્ટનું નિર્માણ કર્યું છે, જેને મેડ ઈન ઈન્ડિયા પણ કહી શકાય. આ ડેરી ઉદ્યોગ માટે એક મોટી સિદ્ધિ છે, જે બનાસ ડેરીને આત્મનિર્ભર બનાવે છે.





# મેડ ઈન ઈન્ડિયા
# સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટ, બનાસ ડેરી પાલનપુર

















# બનાસ મેડિકલ કોલેજ, મોરિયા



## પશુપાલકોના સંતાનોને ડોક્ટર બનાવવાનું સ્વપ્ન સાકાર કરતી ખેડૂતોની માલિકી ધરાવતી દેશની એકમાત્ર સંસ્થા

બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના પરિશ્રમથી બનાસકાંઠામાં મેડીકલ કોલેજ આવી છે, જેના કારણે પશુપાલકોના સંતાનો સાવ ઓછા ખર્ચે તબીબી શિક્ષણ પ્રાપ્ત કરીને ડોક્ટર બની રહ્યાં છે. આજે ગલબાકાકાએ વાવેલા બનાસના વટવૃક્ષમાં નવી કુંપળો ફૂટી છે અને વૃક્ષ વિશાળ થયું છે.

ગુજરાતમાં શ્વેત ક્રાંતિ ગ્રામીણ અર્થવ્યવસ્થાને સુદ્રઢ બનાવવા અને ડેરી ઉદ્યોગને વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. શ્વેત ક્રાંતિ થકી ભારત દેશ દૂધ ઉત્પાદનમાં આત્મનિર્ભર બન્યો, પરિણામે પશુપાલકો આર્થિક રીતે સદ્ધર તો બન્યા સાથે સાથે નવી રોજગારીનું પણ સર્જન થયું છે. આ શ્વેત ક્રાંતિ હવે આશીર્વાદરૂપ બની છે. કારણ કે ડેરીના સહયોગથી આજે પશુપાલકોના સંતાનોને તબીબ બનાવવાનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે.

થરાદના અંતરિયાળ એવા નાની પાવડ ગામનાં પ્રજાપતિ પરિવારનાં પુત્રનું ડોક્ટર બનવાનું સ્વપ્ન સાકાર થઇ રહ્યું છે. પરિવારના મોભી શ્રી રામાભાઈ પ્રજાપતિ પાસે નવ એકર જમીન અને નવ પશુઓ છે. જમીનમાં ખેતી કરી તેઓ વર્ષે ત્રણ લાખ રૂપિયાની કમાણી કરે છે, જ્યારે વર્ષે બીજા ત્રણ લાખ રૂપિયાનું દૂધ વેચીને કમાય છે. રામાભાઇ પ્રજાપતિની વાર્ષિક આવક ૬ લાખ રૂપિયા છે. શ્રી રામાભાઇનો મોટો પુત્ર સવજી હોસ્ટેલમાં રહીને એમબીબીએસનો અભ્યાસ કરે છે. કોલેજ અને હોસ્ટેલની વાર્ષિક ફી ૮,૬૫,૦૦૦ છે. સવજી પણ પોતાના પિતાને ખેતી અને પશુપાલનના વ્યવસાયમાં મદદ કરે, સાથે અભ્યાસ પણ કરે છે. શ્રી રામાભાઈની પુત્રી ધોરણ ૧૨ સાયન્સમાં અને નાનો પુત્ર ધોરણ ૯ માં અભ્યાસ કરે છે. વર્ષે છ લાખની કમાણીમાં પુત્રને મેડિકલમાં અભ્યાસ ઉપરાંત બે સંતાનોને પણ અભ્યાસ કરાવવું શક્ય નહતું, પરંતુ બનાસ ડેરીએ શ્રી રામાભાઈને સક્ષમ બનાવ્યા છે, જેનાથી તેઓ પોતાના સંતાનોને શિક્ષણ આપી શકે.

દીકરાને ડોક્ટર બનાવવાનું સ્વપ્ન સાકાર થવાની ખુશીમાં શ્રી રામાભાઈએ સંસ્થાનો આભાર માનતા જણાવ્યું હતું કે મારી વાર્ષિક આવક રૂ.૬ લાખ છે, પરંતુ આજના સમયમાં ત્રણ સંતાનોને એક સાથે ભણાવવા ખુબજ મુશ્કેલ છે. એમાં પણ તબીબી શિક્ષણ પ્રાપ્ત કરવું તો ઘણુંજ મુશ્કેલ છે. પરંતુ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા ખેડૂતોની માલીકીની જે બનાસ મેડિકલ કોલેજ, મોરિયા બનાવવામાં આવી છે, તેના પ્રતાપેમારો મોટો દીકરો સવજી તબીબી શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યો છે.આ એટલે શક્ય બન્યું કારણ કે આ કોલેજમાં ૫૦ ટકા ફી માફ કરવામાં આવે છે.

ન માત્ર એક પ્રજાપતિ પરિવાર પણ ભાભર તાલુકાના તેતરવા ગામનો જોશી પરિવારનો દીકરો પણ તબીબી શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યો છે. આ પરિવારના મોભી છે શ્રી જીવરામભાઈ જોશી. એમનો મોટો પુત્ર ધર્મેશ જોષી એમબીબીએસનો અભ્યાસ કરે છે તેમજ તેમની બે પુત્રીઓ બીકોમનો અભ્યાસ કરે છે. શ્રી જીવરામભાઈની વાર્ષિક આવક ૪,૩૫,૦૦૦ છે, જેની સામે સંતાનોની વાર્ષિક ફી ૮,૮૦,૦૦૦ છે. આ સ્થિતિમાં બનાસ ડેરી શ્રી જીવરામભાઈના પુત્રની અડધી ફી એટલે કે ૫૦% ફી ભરપાઈ કરે છે, જેના કારણે સાવ સામાન્ય પશુપાલકનું પોતાના પુત્રને તબીબ બનાવવાનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે.

શ્રી જીવરામભાઈ જોશી બનાસ મેડિકલ કોલેજ અને બનાસ ડેરીનો આભાર માનતા જણાવ્યું હતું કે પશુપાલન અને ખેતીના વ્યવસાય કરીને દીકરા દીકરીને તબીબી શિક્ષણ આપવું અશક્ય હોય છે. કારણ કે આજના સમયમાં તબીબી શિક્ષણ અને હોસ્ટેલની ફી પણ ૮-૯ લાખની આજુબાજુ હોય છે. તો એક ખેડૂત માટે ઓછી જમીનમાં ખેતી અને મજૂરી કરીને પોતાના બાળકોને શિક્ષણ આપવું અશક્ય છે. પરંતુ બનાસ ડેરી બનાસ મેડિકલ કોલેજમાં તબીબી શિક્ષણ પ્રાપ્ત કરવામાં માટે જે ફી માફી આપી છે, એના કારણે મને હિંમત મળી કે હવે મારા દીકરાને તબીબી શિક્ષણ આપવાનું સ્વપ્ન સાકાર થશે. આજે ખરેખર સાચા અર્થમાં મારા દીકરાને ડોક્ટર બનાવવાનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. તબીબી શિક્ષણ પ્રાપ્ત કરવા માટે ૫૦ ટકા ફી નો જે લાભ અમારા જેવા અનેક પરિવારોને આપે છે તેના માટે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, નિયામક મંડળ અને ડેરી સાથે જોડાયેલા તમામનો ખૂબ ખૂબ આભાર માનુ છું.

બનાસકાંઠામાં વર્ષ ૨૦૧૮ સુધી મેડિકલ કોલેજનો અભાવ હતો. મેડિકલનો અભ્યાસ કરવા યુવાઓને અન્ય જિલ્લામાં જવું પડતું હતું. પણ વર્ષ ૨૦૧૭ માં બનાસ ડેરીએ મેડિકલ કોલેજની માંગ કરી અને સરકારી મંજૂરી મળતા બનાસ મેડિકલ કોલેજ, મોરિયાની સ્થાપના કરી. બનાસ ડેરી એક યોજના લાગુ કરી કે જે પશુપાલક સતત ત્રણ વર્ષથી દૂધ ભરતા હોય તેમના સંતાનોને મેડિકલ કોલેજમાં એડમિશન મળે તો વર્ષે ૫૦% ફી ડેરી ભરશે. આ યોજનાથી ઓછી કમાણી કરતા પશુપાલકોમાં સંતાનોને ડોક્ટર બનાવવાની આશા જાગી. છેલ્લા પાંચ વર્ષમાં બનાસ ડેરીએ પશુપાલકોના ૨૬૩ સંતાનોની કુલ ૩૫ કરોડ રૂપિયા ફી ભરપાઈ કરી છે.

બનાસ મેડીકલ કોલેજ દેશની અને વિશ્વની એક માત્ર એવી સંસ્થા છે જે ખેડૂતો અને પશુપાલકો દ્વારા ચલાવવામાં આવે છે. આ બનાસ મેડીકલ કોલેજના માલિકો ખેડૂતો અને પશુપાલકો છે. બનાસડેરીના સ્વ. ગલબાભાઇ નાનજીભાઇ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ મેડીકલ કોલેજનું સંચાલન કરવામાં આવે છે. બનાસ મેડીક્લ કોલેજ અને સંલગ્ન હોસ્પિટલનો લાભ બનાસકાંઠા પૂરતો સિમિત ન રહીને સમગ્ર ઉત્તર ગુજરાતની સાથો-સાથ નજીકના રાજય એવા રાજસ્થાનના નાગરિકોને પણ મળે છે. બનાસકાંઠામાં બનાસ મેડીકલ કોલેજ આવતા રાજ્યના બાળકોને રાજ્ય બહાર તબીબી શિક્ષણ હેતું જવું ન પડે તેવી હકારાત્મક સ્થિતિનું નિર્માણ થયું છે. બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના પરિશ્રમથી બનાસકાંઠામાં આ મેડીકલ કોલેજ આવી છે જેના પરથી એમ કહી શકાય કે ગલબાકાકાએ વાવેલા બનાસના વટવૃક્ષમાં નવી કુંપળો ફૂટી છે અને વૃક્ષ વિશાળ થયું છે.





# બનાસ ડેરીએ ઘાસચારાની સમસ્યા માટે આધુનિક પદ્ધતિ વિકસાવી

### બનાસ ડેરીએ હાઈડ્રોપોનિક્સ પદ્ધતિથી ઘાસનું મબલખ ઉત્પાદન કરી આત્મનિર્ભર બની છે.

બનાસકાંઠા જિલ્લો મુખ્યત્વે ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલો જિલ્લો માનવામાં આવે છે. આ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી પાણીની વિકટ સમસ્યા સર્જાતા પશુપાલકો તેમજ ખેડૂતોની હાલત કફોડી બની છે. પરંતુ પશુપાલકોને પશુ માટે સરળતાથી ઘાસ મળી રહે છે. તે માટે બનાસ ડેરી દ્વારા ૩ વર્ષ પહેલા એક હાઈડ્રોપોનિક્સ મશીન તૈયાર કરાયું હતું. જેમાં જમીન વગર પશુઓ માટે ઘાસ તૈયાર કરાય છે.

હાઈડ્રોપોનિક્સ એ ઓટોમેટિક સિસ્ટમ છે, જેની મદદથી જમીન વગર માત્ર પાણીથી ખેતી કરી શકાય છે. પશુઓ માટે પોષણક્ષમ ઘાસચારા માટેની પશુપાલકોની સમસ્યાનો ઉપાય બનાસકાંઠાની બનાસડેરીએ આ ઉપાય શોધ્યો છે. બનાસડેરી છેલ્લા ૩ વર્ષથી હાઈડ્રોપોનિક્સ ઘાસની મશીન થકી ઘાસની ખેતી કારણે પશુપાલકોને પૂરતું ઘાસચારો પૂરું પાડે છે. આ પદ્ધતિમાંમાત્ર સાત દિવસમાં જ દાણામાંથી ઘાસચારો તૈયાર કરાય છે અને તે પણ જમીન વગર.જે પશુપાલકો પાસે ઘાસચારાની ખેતી કરવા જમીન નથી. તેવા પશુપાલકો માટે આ હાઈડ્રોપોનિક્સ પદ્ધતિ આશીર્વાદ સમાન છે.

#### હાઈડ્રોપોનિક્સ પદ્ધતિ શું છે?



હાઈડ્રોપોનિક્સ મૂળ ગ્રીક શબ્દ છે, જેમાં હાઈડ્રો એટલે પાણી અને પોનિક્સ એટલે શ્રમ થાય છે, એટલે કે ઘાસ જમીનને બદલે પાણીમાં ઉગાડવાને હાઈડ્રોપોનિક્સ કહેવામાં આવે છે. આ પદ્ધતિ મુજબ જમીન કરતાં માત્ર ૧૦ ટકા પાણીની જરૂરિયાત રહે છે. ખાસ પ્રકારની પાઈપલાઈનથી સેટઅપ તૈયાર કર્યા બાદ એની જાળવણી માટે માત્ર પોષકતત્ત્વો અને પ્લાન્ટનો નહિવત ખર્ચ થાય છે. આ પદ્ધતિનો ઈઝરાયલ, જર્મની, અમેરિકા અને ચીનમાં ઉપયોગ થઈ રહ્યો છે.

#### હાઈડ્રોપોનિક્સ ઘાસચારો:

- હાઈડ્રોપોનિક્સ મશીનમાં બીજથી ઘાસ ૭ થી ૧૦ ગણું વધારે પેદા થાય છે.
- ફક્ત ૨ થી ૩ લીટર પાણીના ઉપયોગથી ૧ કિ.ગ્રા. લીલું ઘાસ પેદા થાય છે.
- જમીન વિહોણા કે ઓછી જમીન ધરાવતા ખેડૂતોને પશુપાલનમાં ખુબ જ ફાયદો થાય તે માટેની શરૂઆત.



# બનાસકાંઠાની ધરતી એટલે ક્રાંતિની ધરતી




## : ઉર્જાક્ષેત્રે ક્રાંતિ :

ગોબરમાંથી બાયો CNGનું ઉત્પાદન કરી પુનઃ પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે મહત્વની પહેલ





## હરિયાળી ક્રાંતિ : બનાસકાંઠા જિલ્લો બન્યો હરિયાળો